1. **યોગ્ય જોડકાંનું સંયુગ્મન કરો.**

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| (A) $CO_2$ના 88 ગ્રામ | (1) 0.2 મોલ |
| (B) $6.022 \times 10^{23}$ પાણીના અણુઓ | (2) 2 મોલ |
| (C) $O_2$ના 5.6 લિ (STP) | (3) 1 મોલ |
| (D) $O_2$ના 96 ગ્રામ | (4) $6.022 \times 10^{23}$ અણુઓ |
| (E) કોઈ પણ વાયુનો એક મોલ | (5) 3 મોલ |

➠ (A – 2), (B – 3), (C – 1), (D – 5), (E – 4)

(A) $CO_2$ના અણુઓની મોલ સંખ્યા

$$= \frac{CO_2 \text{ નું ગ્રામમાં વજન}}{CO_2 \text{નું આણ્વીય દળ}} = \frac{88}{44} = 2 \text{ મોલ}$$

(B) 1 મોલ પદાર્થ = $6.022 \times 10^{23}$ અણુ

= ઍવોગેડ્રો અંક

= $6.022 \times 10^{23}$ પાણીના અણુ = 1 મોલ

(C) 22.4 લિટર $O_2$ (STP એ) = 1 મોલ

$$\therefore 5.6 \text{ લિટર } O_2 \text{ (STP)} = \frac{5.6}{22.4} = 0.25 \text{ mol}$$

(D) 96 ગ્રામ $O_2$ની મોલ સંખ્યા $= \frac{96}{32} = 3$ મોલ

(E) કોઈ પણ વાયુનો 1 મોલ = ઍવોગેડ્રો અંક

= $6.022 \times 10^{23}$ અણુઓ

2. **નીચે આપેલ ભૌતિક રાશિઓને યોગ્ય એકમ સાથે જોડો.**

| ભૌતિક રાશિ | એકમ |
|---|---|
| (A) મોલારિટી | (1) ગ્રામ મિલી$^{-1}$ |
| (B) મોલ અંશ | (2) મોલ |
| (C) મોલ (mole) | (3) પાસ્કલ |
| (D) મોલાલિટી | (4) એકમવિહીન |
| (E) દબાણ | (5) મોલ લિ$^{-1}$ |
| (F) પ્રદીપ્ત તીવ્રતા | (6) કેન્ડેલા |
| (G) ઘનતા | (7) મોલ કિ.ગ્રામ$^{-1}$ |
| (H) દળ | (8) $Nm^{-1}$ |
| | (9) કિ.ગ્રામ |

➠ (A – 5), (B – 4), (C – 2), (D – 7), (E – 3), (F – 6), (G – 1), (H – 9)

(A) મોલારિટી = પદાર્થની મોલ લિ$^{-1}$માં સાંદ્રતા

$$\text{મોલારિટી} = \frac{\text{પદાર્થની મોલ સંખ્યા}}{\text{કદ (લિટર)}}$$

**(B)** મોલ અંશ = એકમ નથી.

**(C)** મોલ (mole) = $\frac{\text{દળ (ગ્રામ)}}{\text{આણ્વીયદળ (ગ્રામ મોલ}^{-1}\text{)}}$ = મોલ

**(D)** મોલાલિટી = પ્રતિ કિલો દ્રાવકમાં ઓગળેલા દ્રાવ્યની મોલ સંખ્યા

$$\text{મોલાલિટી} = \frac{\text{દ્રાવ્યની મોલ સંખ્યા}}{\text{દ્રાવકનું દળ કિ. ગ્રામ}}$$

**(E)** SI એકમમાં દબાણ 'પાસ્કલ' (Pa) વડે દર્શાવાય છે જે 1 ન્યૂટન બરાબર છે.

(ન્યૂટન = $N/m^2$ અથવા $Kg.m^{-1}$, $s^{-1}$)

આ એકમનું વિશિષ્ટ નામ 1971માં ઉમેરવામાં આવ્યું તે પહેલાં SI એકમ દબાણનો એકમ $N/m^2$ વડે દર્શાવાતો હતો.

**(F)** પ્રદીપ્ત (જ્યોતિ) તીવ્રતાનો એકમ કેન્ડેલા (cd) છે. તે $5.40 \times 10^{12}$ હર્ટ્ઝ આવૃત્તિ ધરાવતા સ્રોતની પ્રદીપ્ત (જ્યોતિ) તીવ્રતાનું માપ છે. જે આપેલ નિયત દિશામાં ઉત્સર્જન કરે છે. આ પરિસ્થિતિમાં વિકિરણની તીવ્રતા નિયત દિશામાં $\frac{1}{683}$ વૉટ પ્રતિ સ્ટર્ડિયન (steradian) છે.

**(G)** ઘનતા = $\frac{\text{દળ}}{\text{કદ}}$ ગ્રામ મિલી$^{-1}$

**(H)** દળનો એકમ કિલોગ્રામ (Kg) છે અને તેનું દળ આંતરરાષ્ટ્રીય કિલોગ્રામ જેટલું જ છે.